# બનાસકાંઠામાં ગુલ્લીબાજ ૧૯ શિક્ષકોને નોટિસ ફટકારાઈ

## રજા લીધા વગર શાળામાં ગેરહાજર રહેનારા શિક્ષકો સામે લાલ આંખ

સરહદી બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા ૧૯ શિક્ષકોને રજા લીધા વગર ગેરહાજર રહેવાના મુદ્દે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ નોટિસ ફટકારતાં ગુલ્લીબાજ શિક્ષકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

સરહદી બનાસકાંઠા જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં આવેલી પ્રાથમિક શાળાના શિક્ષકો મોટાભાગે નજીકના શહેરોમાંથી અપડાઉન કરે છે. જેઓ પોતાના અંગત કામ માટે શાળામાંથી ગુલ્લીઓ મારતા હોવાનું જાણવા મળતાં બનાસકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી પ્રજાપતિએ આ દિશામાં તપાસ હાથ ધરી હતી. જેમાં તંત્રને જાણ કર્યા વિના રજા ઉપર રહેનારા ૧૯ શિક્ષકો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમને નોટિસ ફટકારી ખુલાસો કરવા જણાવાયું છે. જેના પગલે ગુલ્લીબાજ શિક્ષકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

### કોને નોટિસ અપાઇ

હેતલબેન ઘનસ્યામભાઈ દરજી (સાતસણ), કાજલબેન અમૃતલાલ પટેલ (નવા નેસડાપરા), આશાબેન દેવચંદભાઈ મહેસુરીયા (સેરગંજ), હેમાંગીબેન કુબેરભાઈ પરમાર (આશિયા), અમિતભાઈ ગોવિંદભાઈ બારોટ (ભાટરામ), વૈભવીબેન વિકાસભાઈ જોષી (શિયા), રવિનાબેન મનોજભાઈ પટેલ (એટા), મેઘનાબેન જેઠાલાલ કોટક (આનંદપુરા), સંગીતાબેન જગદીશભાઈ બારોટ (તાણા), નિલોફરબેન એચ. અધારીયા (કાણોદર), હેતલબેન એચ. ચૌધરી (રવેલ જુના), જીગરકુમાર સુનીલકુમાર પટેલ (દિયોદર નં. ૧), સ્નેહાબેન હસમુખભાઈ પટેલ (નોખા), પ્રતિક્ષાબેન કિરીટભાઈ પટેલ (ધ્રાંડવ), મીનાબેન ગોવિંદભાઈ પટેલ (ઝેટા), ધર્મિષ્ઠાબેન બી. ચૌધરી (હરદેવપુરી ગોળીયા), રચનાબેન રજનીકાંત મોઢ (ગોગાપુરા રેલ્વે વિસ્તાર), સોનલબેન એમ. ઠાકોર (ગણતા), હિનાબેન રતીલાલ પટેલ (સરહદી વિકાસ આર્દશ શાળા)

### ૭ દિવસમાં હાજર થવા ફરમાન

બનાસકાંઠા જિલ્લાના દિયોદર, ડીસા, દાંતીવાડા, ધાનેરા, કાંકરેજ, પાલનપુર, થરાદ અને લાખણી સહિતના તાલુકાઓની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા ૧૭ શિક્ષિકાઓ અને ૨ શિક્ષક સહિત ૧૯ ને જાહેર નોટીસ ફટકારી તાત્કાલિક હાજર થવા ફરમાન કર્યું છે. આ ૧૯ શિક્ષકો છેલ્લા ૬ મહિનાથી લઈ ૪ વર્ષ સુધી સળંગ ગેરહાજર રહેતા જે-તે શાળાના બાળકોના શિક્ષણને ગંભીર અસર પડી રહી છે. જે મામલે તાલુકા કેળવણી નિરીક્ષણ દ્વારા આવા શિક્ષકોને અગાઉ બે વાર નોટિસ આપવામાં આવી હતી પરંતુ એક પણ શિક્ષકે તેનો કોઈ રીપ્લાય આપ્યો નથી જેથી હવે જિલ્લા શિક્ષણાધિકારીએ પોતાની ફરજ પર બેદરકારી દાખવનાર ૧૯ શિક્ષકોને છેલ્લી નોટિસ ફટકારી છે. અને જો આ શિક્ષકો ૭ દિવસ માં હાજર નહિ થાય તો તેઓને સસ્પેન્ડ કરી દેવામાં આવશે તેમ નાયબ શિક્ષણાધિકારી મુકેશ ચાવડાએ જણાવ્યું હતું.

# અંબાજી ભાદરવી પૂનમના મહામેળામાં એસ.ટી. દ્વારા ભાવિકો પાસેથી ઉઘાડી લૂંટ ચલાવાતી હોવાની ફરિયાદ

## અંબાજીથી પાલનપુરના ૬૨ રૂ.ના બદલે રૂ.૧૦૦ વસુલાતા યાત્રિકોમાં રોષ : ખેમાણા ટોલનાકા પર એસ.ટી. બસોને ટોલ ફ્રી કરવા છતાં ઉઘાડી લૂંટ

યાત્રાધામ અંબાજીમાં ભાદરવી પૂનમના મહા મેળા દરમિયાન લાખો પદ યાત્રિકો ને લઈ જતી એસટી બસો માટે ખેમાણા ટોલ પ્લાઝા પર નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા આવતી જતી બસો માટે ટોલ ફ્રી કરાયો છે.જ્યારે પાલનપુર એસટી વિભાગે યાત્રિકો પાસેથી રીતસરની ઉઘાડી લૂંટ મચાવી હોવાની રાવ ઉઠી છે. હિન્દુત્વવાદી ભાજપ સરકારના રાજમાં યાત્રિકો સાથે થતી ઉઘાડી લૂંટ સામે યાત્રિકોમાં ભારે રોષની લાગણી પ્રવર્તી રહી છે.

માં અંબાના ધામમાં ગુજરાતભરમાંથી લાખો પદયાત્રીકો પદયાત્રા કરીને અંબાજી આવે છે. અને અંબાજી આવ્યા બાદ માંના ચરણોમાં શીશ નમાવી અને એસટી બસ દ્વારા તેઓ પોતાના ઘરે પરત જાય છે. ત્યારે મહેસાણા-અમદાવાદ-રાજકોટ-સુરત વડોદરા-નડિયાદ તરફ જતી એસટી બસો માટે આ પદયાત્રીઓને લઈ જતી બસો માટે પાલનપુરના ખેમાણા ટોલ પ્લાઝા પર હાઈવે ઓથોરિટી દ્વારા આ બસ પાસેથી




ટોલ ન લેવાનો નિર્ણય કરાયો હોવાના અહેવાલ સાંપડ્યા છે.

એક તરફ રાજ્યના મુખ્યમંત્રીએ આજે મફત એસટી માટે અંબાજી ખાતે લીલીઝંડી આપી અને બસ સેવાનો પ્રારંભ કરાવ્યો હતો. ત્યારે પાલનપુર પાસે આવેલા ખેમાણા ટોલ પ્લાઝાના ઓથોરિટીના સંચાલકોએ પણ આ પદયાત્રીઓની બસનો ટોલ ન લેવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ પાલનપુર એસટી વિભાગે પદયાત્રીઓ ની બસ યાત્રા માટે બસનું ભાડું દોઢુ કરી દેવાયું છે.

સામાન્ય દિવસોમાં આ ભાડું ૬૨ રૂપિયા હોય છે. જ્યારે અત્યારે ૧૦૦ રૂપિયા ભાડું કરી દેવાયુ છે. ભાદરવીના મહામેળામાં પદયાત્રીઓ પાસે એસટીએ ઉઘાડી લૂંટ મચાવી હોવાની બુમરાણ મચી છે. એકબાજુ સેવા કેમ્પો દ્વારા પદયાત્રીઓની સેવા કરવામાં આવે છે. ત્યારે બીજીબાજુ એસ.ટી.તંત્ર પદયાત્રીઓ પાસેથી ભાડું ઓછું લેવાનું તો એકબાજુએ રહ્યું પણ રૂપિયા ૬૨ની જગ્યાએ ૧૦૦ રૂપિયા વસૂલી રહી હોવાનું જણાવી યાત્રિકોએ એસ.ટી. સામે રોષ ઠાલવ્યો હતો.

# પાલનપુરમાં પ્રેમમાં પાગલ યુવકે લોકોને શોલેની યાદ તાજી કરાવી

## યુવક બિલ્ડીંગ ઉપરથી નીચે પટકાયો : સગાઈ તૂટી જતાં અસ્થિર મગજના યુવકે નીચે ઝંપલાવ્યું

પાલનપુરના ડોકટર હાઉસ વિસ્તારમાં સોમવારે એક યુવક ઊંચી બિલ્ડીંગ ઉપર ચઢી ગયો હતો. જેને અન્ય યુવકો બચાવવાનો પ્રયત્ન કરે તે પહેલાં નીચે ઝંપલાવી દીધું હતું. જોકે, તે પડ્યો ત્યાં નીચે નેટ તેમજ ગાદલા પાથરેલા હોવાથી બચી ગયો હતો. જેને ઈજાઓ થતાં સારવાર અર્થે ખેસડવામાં આવ્યો હતો.યુવકની સગાઈ તૂટી જતાં આ પગલું ભર્યું હોવાનું તેમજ તે અસ્થિર મગજનો હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું. ઘટનાસ્થળે એકત્ર થયેલા લોકો શોલે ફિલ્મનો સીન યાદ કરતાં હતાં.



પાલનપુરમાં સોમવારે શોલે ફિલ્મના સીનની યાદ અપાવતો કિસ્સો બનતાં ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી હતી. જ્યાં પાલનપુર તાલુકાના વાસણા (જ)નો રાહુલ લક્ષ્મણભાઈ સોલંકી (ઉ.વ.૨૧) ડોકટર હાઉસમાં આવેલી એક હોસ્પિટલની બિલ્ડીંગ ઉપર ચઢી ગયો હતો. આ અંગેની જાણ થતાં નીચે મોટી સઁખ્યામાં લોકોનું ટોળું એકત્ર થઈ ગયું હતું. જે પૈકી કેટલાક યુવકો અગાશીમાં જઈ તેને બચાવવાનો પ્રયત્ન કરતાં હતા. તે દરમિયાન યુવકે નીચે છલાંગ લગાવી દીધી હતી.જોકે, તે પડ્યો ત્યાં નીચે નેટ તેમજ ગાદલા પાથરેલા હોવાથી બચી ગયો હતો. જેને ઈજાઓ થતાં સારવાર અર્થે ખેસડવામાં આવ્યો હતો. યુવકની સગાઈ તૂટી જતાં આ પગલું ભર્યું હોવાનું તેમજ તે અસ્થિર મગજનો હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું.



### રામદેવપીર મંદિર ખાતે નેજા ચડાવાયા

પાલનપુર શહેરના ગઠામણ દરવાજા બાબા રામદેવ પીર મંદિર ખાતે હવન અને નેજા ચઢાવવામાં આવ્યા હતા. ભાદરવા સુદ-૧૦ ને રવિવાર ના રોજ ગઠામણ દરવાજા ઠાકોર તથા પ્રજાપતિ સમાજ ના લોકો એકજ મહોલ્લા માં સાથે મળીને બાબા રામદેવ પીરના મંદિરમાં છઠ્ઠા પાટોત્સવ પ્રસંગે હવનનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં મહોલ્લાના દરેક લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. હવન તથા રામદેવપીરની નેજા ચઢાવવામાં આવ્યા હતા. રામદેવપીર મંદિર ની આ મહોત્સવની ઉજવણી ભવ્ય સ્વરૂપે કરવામાં આવી હતી. જેમાં સમસ્ત ઠાકોર ભાઈઓ અને પ્રજાપતિ ભાઈઓ ભોજન પ્રસાદ ની વ્યવસ્થા કરેલ હતી જેમાં મહોલ્લા સહિત આમંત્રિત મહેમાનો એ પણ ભોજન પ્રસાદ નો લાભ લીધો હતો.

# પાલનપુર-માલણ રોડ પર ફરી એક વાર વૃક્ષ ધરાશાયી થયું : જાનહાની ટળી

અવાર નવાર વરસાદી સિઝનમાં વૃક્ષો ધરાશાયી થતા હોઈ લોકોમાં દહેશત

પાલનપુરના માલણ રોડ પર ગંગાપુરા પાસે વળાંકમાં આજરોજ ફરી એક વાર વૃક્ષ ધરાશાયી થયુ હતું. જોકે, સદનસીબે જાનહાની



ટળી હતી.

પાલનપુર માલણ રોડ પર અવારનવાર વૃક્ષો ધરાશાયી થતા હોઈ જાનહાનિની ઘટના ન થાય તે માટે આવા પડવાના વાંકે ઉભેલા વૃક્ષો ઉતરાવી લેવાની માંગ ઉઠી હતી. પરંતુ આ બાબતે બેદરકારીને પગલે હજુ સુધી આવા વૃક્ષો ઉતરાવી લેવામાં આવ્યા ન હોઈ અવાર નવાર આવી ઘટનાઓ સર્જાઇ રહી છે. થોડાક દિવસ અગાઉ જ એક કાર ચાલક પર બાવળનું વૃક્ષ ધરાશાયી થતા આખે આખી કાર ભુક્કો થઈ ગયો હતો પરંતુ સદનસીબે વાહન ચાલક બચી ગયો હતો.

દરમિયાન આજે ફરી એકવાર પાલનપુર માલણ રોડ પર ગંગાપુરા પાસે એક વૃક્ષ ધરાશાયી થયું હતું. જોકે સદનસીબે આ સમયે કોઈ વાહન ચાલક પસાર થતો ન હોઈ જાનહાનીની ઘટના ટળી ગઈ હતી.

# અરવલ્લી જિલ્લા સ્વદેશી જાગરણ મંચ દ્વારા ત્રિવિધ કાર્યક્રમ યોજાયો

ભારત સરકાર દ્વારા ૩૭૦ની કલમ દૂર કરતાં સ્વદેશી જાગરણ મંચે કેન્દ્ર સરકારને કાશ્મીરના મામલે પાકિસ્તાનને ચીની સરકાર દ્વારા મદદ કરતાં તેનો વિરોધ કરતું આવેદનપત્ર અને ચીનના કોઈપણ ઉદ્યોગો કાશ્મીરમાં સ્થાપના કરવા સરકારને આવેદનપત્ર અપાયું સાથે સાથે સ્વદેશી જાગરણ મંચના અધિકારીઓએ વૃક્ષારોપણ અને શિક્ષક દિન હોવાથી સરસ્વતી સ્કૂલ વી.એસ. શાહ પ્રાથમિક શાળામાં શિક્ષક દિન ઉજવણી કરી હતી.

# મોરિયા ખાતે મેડિકલ કોલેજની બિલ્ડીંગમાંથી પટકાતા શ્રમિકને ઈજા

પાલનપુર તાલુકાના મોરિયા પાસે બની રહેલી બનાસ મેડિકલ કોલેજના બાંધકામ ટાણે દુર્ઘટના સર્જાઈ હોવાના અહેવાલ સાંપડ્યા છે. જેમાં એક શ્રમિકને ઈજા થતા તેને સારવાર અર્થે



પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, પાલનપુર તાલુકાના મોરિયા ગામ પાસે બનાસ મેડિકલ કોલેજનું અદ્યતન બિલ્ડીંગ બની રહ્યું છે. ત્યારે બિલ્ડીંગમાં કામ કરતો શ્રમિક ત્રીજા માળેથી પટકાયો હતો. જે વિકાસ નામના ૩૦ વર્ષીય શ્રમિકના માથામાં ગંભીર ઈજા ઈજા થતા ઈજાગ્રસ્ત શ્રમિકને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો. જ્યાંથી કોન્ટ્રાક્ટર દ્વારા વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડાયો હોવાના અહેવાલ સાંપડ્યા છે.



### ભિલોડામાં પવન સાથે વરસાદ વરસતા અનેક જગ્યાએ વરસાદી પાણી ભરાયા

ભિલોડામાં અસહ્ય બાફ,ઉકળાટ ભર્યા માહોલ વચ્ચે પ્રજાજનો પરસેવાથી રેબઝેબ થઈ રહ્યા હતા ત્યારે અચાનક કાળા ડીબાંગ વાદળો ઘેરાઈ સાંજના સમયે પવન સાથે અડધો ઈંચ જેટલો થોડા જ સમયમાં વરસાદ વરસતાં વાતાવરણમાં આહ્લાદક ઠંડક પ્રસરતા પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો હતો.ભિલોડા તાલુકા મથક ખાતે હાર્દસમા બજાર વિસ્તાર,નીચાણવાળા રેસીડેન્ટ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા હોવાના કારણે રાહદારીઓ અને વાહન ચાલકો પરેશાન થયા હતા.અસહ્ય ગંદકી અને કાદવ કિચડનું સામ્રાજ્ય ફેલાતા રોગચાળો ફેલાય તેવી દહેશત સેવાઈ રહી છે.ભિલોડામાં આજ દિન સુધીમાં ૭૨૦ મી.મી. જેટલો વરસાદ થયાનું જાણવા મળેલ છે ત્યારે ખેડુતોમાં સર્વત્ર આનંદની લાગણી પ્રસરી છે.

### અંબાજી મંદિર ભાદરવી મહામેળો-બીજો દિવસ

આજે ત્રણ લાખ ૧૫ હજાર ૪૧૫ ભક્તોએ માતાજીના દર્શન કર્યા, આજે ૫૪ હજાર ૭૭૧ ભક્તોયે ભોજન કર્યું, આજે ૫ લાખ ૭૨ હજાર ૭૫૦ ભક્તો યે પ્રસાદ લીધો, આજે ૮૧ લાખ ૭૦ હજાર ૯૦૦ રૂપિયા ની આવક અંબાજી મંદિર ને થઈ, આજે ૧૦ ગ્રામ સોના ની આવક થઈ, આજે ૧ લાખ ૧૧ હજાર ૫૪૦ લોકો યે મુસાફરી કરી, આજે ૨૩૭૫ બસ ની ટ્રીપ થઈ, આજે ૧ લાખ ૫ હજાર એસ એમ એસ મોકલાયા, આજે ઉડન ખટોલા મા ૬૯૩૪ લોકો યે મુસાફરી કરી, આજે ૨૯૨ લોકો યે ધજા રોહણ કરી, આજે વિના મૂલ્યે મુસાફરી ૧૧ હજાર ૧૨૩ લોકો યે મુસાફરી કરીઆમ આજે ૨ દિવસમા ૫ લાખ ૮૯ હજાર ૮૯૧ લોકો યે માતાજી ના દર્શન કર્યા, બે દિવસ મા અંબાજી મંદિર ને ૧ કરોડ ૪૨ લાખ ૯૧ હજાર ૭૨૬ રૂપિયા ની આવક થઈ

### પ્રાંતિજ અંબર્ટો સિરામિક ઈન્ટરનેશનલ કંપનીમાં ગણેશ મહોત્સવની કરવામાં આવેલ ધામધૂમ ઉજવણી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં ગણેશ મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે પ્રાંતિજના ગળતેશ્વર રોડ ઉપર આવેલ અંબર્ટો સિરામિક કંપનીમાં છેલ્લા છ વર્ષથી ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. પ્રાંતિજ નજીક આવેલ અંબર્ટો સિરામીક ઈન્ટરનેશનલ પ્રા.લી. કંપની ખાતે વિધ્નહર્તા ભગવાન ગણેશની મૂર્તિનું સ્થાપન કરવામાં આવ્યું છે અને સવાર સાંજ દાદાની આરતી ઉતારી વિવિધ ભાવતા ભોજન પ્રસાદ સહિત દાદાની સેવા કરવામાં આવે છે.

# મોડાસા કોમર્સ, આર્ટસ, બીબીએ કોલેજમાં રોજગારલક્ષી કાર્યક્રમ યોજાયો

અમદાવાદ એક્યુરેટ ગ્રુપ જાયન્ટ્સ મોડાસા દ્વારા ધી. મ.લા.ગાંધી કેળવણી મંડળની કોમર્સ કોલેજ, આર્ટસ કોલેજ, બીબીએ કોલેજમા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વિદેશમાં કયા કયા અભ્યાસ ચાલે છે, કયા અભ્યાસ કરી શકાય તે માટેનો માર્ગદર્શન શિબિર કોમર્સ કોલેજના હોલમાં યોજવામાં આવી. દુનિયાના વિવિધ દેશો વિકાસશીલ દેશોમાં ઉચ્ચતર અભ્યાસ માટે ધંધા રોજગાર માટે વિદ્યાર્થીઓએ શું કરવું જોઈએ એ એક્યુરેટના મનોજ ભટ્ટ વિશાલ ભટ્ટ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું. આ કાર્યક્રમમાં કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ સુધીરભાઈ જોષી, આર્ટસ કોલેજના પ્રિન્સિપાલ દીપકભાઈ જોષી, મોડાસા સામાજિક કાર્યકર નિલેશભાઈ ઉપસ્થિત રહ્યા.

# પાલનપુરમાં ચાલતી એક્ટિવા ઉપર ટ્રાફિક સિગ્નલનો થાંભલો તૂટી પડ્યો : છાત્રાને ઈજા

પાલનપુરમાં વર્ષ ૨૦૦૮માં તત્કાલીન મુખ્યમંત્રીએ રૂપિયા ૪૮ લાખના ખર્ચે સોલારથી ચાલે તેવા ટ્રાફીક સિગ્નલ મજૂર કર્યા હતા. જોકે, નગરપાલિકા તેની જાળવણી કરવામાં નિષ્ફળ નિવડી છે. જે છેલ્લા કેટલાક સમયથી બંધ હાલતમાં છે.તેમ છતા આ થાંભલા કાઢવામાં ન આવતા સોમવારે એક થાંભલો નીચેથી પસાર થતા એક્ટીવા ઉપર પડતા બે વિદ્યાર્થીની પૈકી એકને માથામાં ઈજાઓ થતા



સિવિલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી.

પાલનપુર શહેરમાં વર્ષ ૨૦૦૮માં રાજ્ય કક્ષાની ઉજવણી પૂર્વ મુખ્ય મંત્રી અને હાલના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વરદ હસ્તે ધ્વજ વંદન સમારોહ યોજાયો હતો. તે સમયે પાલનપુર શહેરમાં ટ્રાફીકની સમસ્યાને ધ્યાને લઈ આરએન્ડબી વિભાગ દ્વારા રૂપિયા ૪૮ લાખના ખર્ચે સોલાર ટ્રાફીક સિંગ્નલ લગાવવામાં આવ્યા હતા.જેનું મેન્ટન્સશ પાલિકા દ્વારા કરવામાં આવતુ હતુ.